# ગામના આસ્થાકેન્દ્રોમાં દરેક પર્વો સમસ્ત ગ્રામજનોની શ્રદ્ધા અને સહકારથી ઉજવાય છે






ગામની ધરતી પર આવેલી પ્રાચીન અને આસ્થાભરી ધાર્મિક ધરોહર પણ તેની આગવી ઓળખ બની છે. ગામના વિવિધ મંદિરોમાં વર્ષોથી ચાલી આવતી પૂજા-અર્ચના, દર્શન અને ધાર્મિક પરંપરાઓ આજે પણ ગ્રામજનોની આસ્થાને જીવંત રાખી રહી છે. ગામના મધ્યભાગમાં આવેલું મહાદેવનું મંદિર ગામનું સૌથી જૂનું મંદિર હોવાનું માનવામાં આવે છે. વહેલી સવારથી જ ભક્તો અહીં દર્શન અને શિવલિંગ પર જળાભિષેક કરી ભગવાન શિવની આરાધના કરે છે. શ્રાવણ માસ દરમિયાન મંદિરનું વાતાવરણ વિશેષ ભક્તિમય બની જાય છે. સોમવારના દિવસે વિશેષ પૂજા, અભિષેક અને આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. મહાશિવરાત્રીના પર્વે પણ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાત્રિ જાગરણ, પૂજા-અર્ચના અને પ્રસાદ સહિતના કાર્યક્રમોમાં જોડાય છે.

ગામના સૌથી જૂના ધાર્મિક સ્થળોમાં હનુમાનજીનું મંદિર પણ આગવું સ્થાન ધરાવે છે. મંદિરમાં એક જ પથ્થરમાંથી કંડારાયેલી હનુમાનજીની નયનરમ્ય પ્રતિમા ભક્તો માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે. મંગળવાર અને શનિવારે વિશેષ દર્શન માટે ભક્તોની અવરજવર રહે છે. વિવિધ ધાર્મિક તહેવારો અને પ્રસંગોની ઉજવણીમાં સમસ્ત ગ્રામજનોનો સહયોગ જોવા મળે છે. ગામની દક્ષિણ દિશામાં રસ્તા ઉપર તળાવના કાંઠે આવેલું અક્ષર પુરુષોત્તમ મંદિર પણ ધાર્મિક પ્રવૃત્તિઓનું મહત્વનું કેન્દ્ર છે. મંદિરના નિર્માણ માટે વડદલા ગામે જમીન ભેટમાં આપી હતી. સંતોના આશીર્વાદથી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. અક્ષર પુરુષોત્તમ મંડળ દ્વારા ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તથા દર વર્ષે પાટોત્સવનું આયોજન થાય છે.

દેવીપૂજક ફળિયામાં આવેલું કંકુમાતાનું મંદિર પણ સ્થાનિક લોકોની ઊંડી આસ્થાનું પ્રતીક છે. અહીં માતાજીની પ્રતિમા બિરાજમાન છે. અગાઉ નાનું મંદિર હતું, જેનું નવસર્જન ઈ.સ. ૨૦૦૨માં કરવામાં આવ્યું હતું. દેવીપૂજક સમાજના લોકો માતાજી પ્રત્યે વિશેષ શ્રદ્ધા ધરાવે છે અને માતાજીના નામે ખોટા સોગંદ ન લેવાની પરંપરા આજે પણ જળવાઈ છે.

આ ઉપરાંત તારાપુર-બોરસદ હાઈવે માર્ગ પર આવેલું રોકડિયા હનુમાનજીનું મંદિર, તેમજ ગામના પાદરમાં આવેલાં મેલડી માતા અને વહેરાઈ માતાનાં મંદિરો પણ ગ્રામજનોની ધાર્મિક આસ્થાનાં કેન્દ્રો છે. આ મંદિરોમાં નિયમિત દીવો, ધૂપ, આરતી, પૂજા અને દર્શનની પરંપરા સાથે તહેવારો દરમિયાન ભજન-કીર્તન, પ્રસાદ વિતરણ અને સામૂહિક ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. આમ, કણીયાની ધાર્મિક ધરોહર માત્ર મંદિરો સુધી સીમિત નથી, પરંતુ પૂર્વજોથી મળેલી શ્રદ્ધા, સંસ્કાર અને સામૂહિક એકતાની પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડતી જીવંત વિરાસત બની છે.

# જનપ્રતિનિધિઓના સક્રિય પ્રયાસોથી કણીયા ગામનો સર્વાંગી વિકાસ, પાયાની સુવિધા ઉપલબ્ધ




નવું પંચાયત ઘર, આધુનિક કમ્યુનિટી હોલ, આંગણવાડીઓનાં નવાં મકાનો સહિત રસ્તા, પાણી અને સ્ટ્રીટલાઇટની સુવિધાઓથી ગામવાસીઓને રાહત; જનપ્રતિનિધિઓની કાર્યદક્ષતા અને આયોજનબદ્ધ વહીવટની ઝલક પેટલાદ તાલુકાના કણીયા ગામમાં જનપ્રતિનિધિઓના સતત પ્રયાસો, વિકાસલક્ષી અભિગમ અને આયોજનબદ્ધ કામગીરીના પરિણામે ગામની માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. ગામના વિકાસમાં જનપ્રતિનિધિઓએ પ્રાથમિક જરૂરિયાતોને પ્રાધાન્ય આપીને પાયાની સુવિધાઓ ઊભી કરવા સાથે ગ્રામજનોની સુખાકારીને કેન્દ્રમાં રાખી કામગીરી કરી છે. પરિણામે કણીયા ગામમાં વિકાસનાં અનેક કાર્યો સાકાર થયાં છે.

ગામમાં નવું પંચાયત ઘર, આધુનિક કમ્યુનિટી હોલ અને આંગણવાડીઓનાં નવાં મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સુવિધાઓ ગ્રામજનોની સામૂહિક પ્રવૃત્તિઓ, વહીવટી કામગીરી અને બાળકોના પ્રાથમિક વિકાસ માટે ઉપયોગી બની રહી છે. જનપ્રતિનિધિઓના પુરુષાર્થ અને વિકાસ માટેની પ્રતિબદ્ધતાના પરિણામે ગામને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કામગીરી થઈ છે. ગામના મુખ્ય રસ્તાઓ સ્ટોન પેવિંગ અને આર.સી.સી.થી બનાવવામાં આવ્યા છે. સાથે જ ગામના આંતરિક નાના-મોટા રસ્તાઓની નિયમિત સફાઈ કરવામાં આવે છે. ખેતરો તરફ જવા માટેના મુખ્ય માર્ગો પણ સુવિધાજનક બનાવવામાં આવતાં ખેડૂતોને અવરજવરમાં સરળતા મળી છે. ગામની સ્વચ્છતા અને રસ્તાઓની જાળવણી માટેની નિયમિત કામગીરી ગ્રામ્ય વહીવટની સક્રિયતા દર્શાવે છે.

કણીયા ગામની બીજી વિશેષતા તેની સામૂહિક સ્મશાનભૂમિ છે. ગૌચર જમીનમાં તળાવના કિનારે વિકસાવવામાં આવેલી સ્મશાનભૂમિમાં પાકું અને અદ્યતન સગડીવાળું સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું છે, જે અંતિમવિધિ માટે જરૂરી સુવિધા પૂરી પાડે છે. પીવાના શુદ્ધ પાણી માટે પાણી પુરવઠા યોજના અંતર્ગત ગામમાં વિનામૂલ્યે કૂવો બનાવવામાં આવ્યો છે. આ કૂવામાંથી ગામના સમગ્ર વિસ્તારમાં નિયમિત પાણી પુરવઠો કરવામાં આવે છે. કણીયા ગામની વહીવટી વ્યવસ્થાની વિશેષતા એ છે કે પાણી પુરવઠો અને સ્ટ્રીટલાઈટ જેવી પાયાની સેવાઓ એક પણ દિવસ ખોરવાયા વિના નિયમિત જાળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ગામના છેવાડાના વિસ્તાર સુધી પણ આ સુવિધાઓ પહોંચે તે માટેની કામગીરી ગ્રામવહીવટની જવાબદારી અને જનપ્રતિનિધિઓની વિકાસલક્ષી કાર્યપદ્ધતિને ઉજાગર કરે છે. આમ, જનપ્રતિનિધિઓના આયોજન, સતત પ્રયાસો અને સુવિધાઓની જાળવણી પ્રત્યેની પ્રતિબદ્ધતાથી કણીયા ગામમાં વિકાસનાં કાર્યોને નવી દિશા મળી છે. ગામના સર્વાંગી વિકાસ સાથે ગ્રામજનોને સુવિધાયુક્ત જીવન પૂરું પાડવાનો અભિગમ કણીયાની વિકાસયાત્રાની આગવી ઓળખ બની રહ્યો છે.

**પૂર્વ સરપંચઃ** ધુળાભાઈ ગબ્બડભાઈ પટેલ, ઈશ્વરભાઈ ધુળાભાઈ પટેલ, રામાભાઈ આશાભાઈ ઠાકોર, કુસુમબેન અરવિંદભાઈ પટેલ, જશભાઈ મણીભાઈ પટેલ, સુરેખાબેન કનુભાઈ ગોસ્વામી, અરવિંદભાઈ ભીખાભાઈ પટેલ, નટુભાઈ હિરાભાઈ તળપદા, સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ, રાવજીભાઈ છેવાભાઈ ઠાકોર,

**વર્તમાન સરપંચઃ** રઈબેન જયંતિભાઈ તળપદા

**તલાટી કમ મંત્રીઃ** પાર્થકુમાર અરવિંદભાઈ વાણીયા

## દેવમંદિરોના નિર્માણ-જીર્ણોદ્ધારથી લઈ શાળાના પ્રવેશદ્વાર અને વિસામા સુધી સખાવત કરી દાતાઓ વિકાસમાં સહભાગી બન્યા છે




કણીયા ગામના વિકાસમાં ગ્રામજનોની સાથે પરદેશમાં વસતા વતનીઓ પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. 'વતનનું ઋણ અદા કરવું' એ ભાવનાને સાકાર કરતાં દાતાઓ દ્વારા ગામમાં દેવમંદિરોના નિર્માણ અને જીર્ણોદ્ધાર, વિસામાના સ્થળો, શાળાના પ્રવેશદ્વાર સહિતની વિવિધ લોકઉપયોગી કામગીરી માટે સમયાંતરે સખાવત કરવામાં આવે છે. કણીયા ગામના અગ્રણી અશોકભાઈ ડી. પટેલ (લંડન) તથા કિરીટભાઈ મહિજીભાઈ પટેલ (કેનેડા) સહિત પરદેશમાં વસતા વતનીઓ દ્વારા ગ્રામજનોની સુખાકારી અને ગામના વિકાસ માટે આર્થિક સહયોગ આપવામાં આવી રહ્યો છે. વતનથી હજારો કિલોમીટર દૂર રહેતા હોવા છતાં ગામ સાથેનો નાતો જાળવી રાખી તેઓ સેવાકાર્યોમાં સહભાગી બની રહ્યા છે. કણીયા ગામમાં કષ્ટભંજન હનુમાનજી મંદિરના નિર્માણ માટે પણ દાતાઓ દ્વારા ઉદાર સહયોગ મળ્યો છે. સ્વ. છોટાભાઈ પ્રભુદાસ પટેલ તથા સ્વ. વિમળાબેન છોટાભાઈ પટેલની સ્મૃતિમાં ગામ જલુંધના અને હાલ લંડન ખાતે વસતા રશ્મીકાંત છોટાભાઈ પટેલ અને જશોદાબેન રશ્મીકાંત પટેલ સહપરિવાર દ્વારા યોગદાન આપવામાં આવ્યું છે. ઉપરાંત ગામ માણેજના અને હાલ વડોદરા ખાતે વસતા સ્વ. ઈન્દીરાબેન હસમુખભાઈ પટેલના સ્મરણાર્થે દેવમંદિર નિર્માણ માટે પણ અમૂલ્ય દાન અશોકગીરી આર. ગોસ્વામીના હસ્તે અર્પણ કરવામાં આવ્યું છે. ગામના અન્ય અગ્રગણ્ય નાગરિકો પણ પોતાની શક્તિ પ્રમાણે નાનું-મોટું યોગદાન આપી સામાજિક પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યા છે. દાતાઓની આ સેવાભાવના કણીયાના વિકાસ સાથે નવી પેઢી માટે વતનપ્રેમ અને સમાજસેવાનો પ્રેરણાદાયી સંદેશ પણ આપી રહી છે.

## સમાજ ઉત્કર્ષ માટે ત્રણ દાયકાથી સેવારત ચરોતર ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ, કણીયા

કણીયા ગામમાં ચરોતર ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી સમાજ ઉત્કર્ષ અને ગ્રામિણ વિકાસને કેન્દ્રમાં રાખીને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ લોકો સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે અને લાભાર્થીઓ યોજનાકીય સહાયથી વંચિત ન રહે તે દિશામાં ટ્રસ્ટ દ્વારા સતત કામગીરી કરવામાં આવે છે.

ટ્રસ્ટના મંત્રી તરીકે કણીયા ગામના વતની ઠાકોરભાઈ ઠાકોર જવાબદારી સંભાળી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ પરિવારો, વંચિત વર્ગો તથા સરકારી સહાય મેળવવા ઈચ્છુક લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવે છે. માત્ર યોજનાની જાણકારી પૂરતી ન રહે, પરંતુ લાભાર્થીને અરજી પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો તથા સંબંધિત કામગીરીમાં પણ માર્ગદર્શન મળી રહે તે માટે સંસ્થા દ્વારા જરૂરી સહયોગ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં અનેક વખત માહિતીના અભાવે લોકો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી જતા હોય છે. આવા સંજોગોમાં ટ્રસ્ટ દ્વારા લોકો અને સરકારી યોજનાઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ દાયકાથી સતત સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થાએ સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી સહાય અને માર્ગદર્શન પહોંચાડવાનો પ્રયાસ જાળવી રાખ્યો છે. ગ્રામ વિકાસ સાથે માનવસેવાના અભિગમને જોડીને ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી કામગીરી કણીયા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તાર માટે ઉપયોગી બની રહી છે.

## તેજસ્વી પ્રતિભાઓએ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીમાં આગવી સફળતા મેળવી ગામને ગૌરવવંતુ બનાવ્યું છે

કણીયા ગામ આજે શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી સમગ્ર પંથક માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે. ગામના વતનીઓએ શિક્ષણને જીવન વિકાસનું સર્વોત્તમ સાધન માની સતત આગળ વધવાનો માર્ગ અપનાવ્યો છે, જેના પરિણામે ગામમાંથી શિક્ષકો, ઈજનેરો, વકીલ સહીત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ઊભા થયા છે. નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરી જીવનમાં સફળતા હાંસલ કરી છે, યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામના વતનીઓ આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં પણ મહત્વપૂર્ણ ફરજો બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત માનવામાં આવે છે. ખાનગી ક્ષેત્રમાં પણ કણીયા યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, ડ્રાઈવર અને હેલ્પર સહિત વિવિધ હોદ્દાઓ પર સફળતાપૂર્વક કારકિર્દી સાથે વિવિધ ક્ષેત્રોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર બન્યા છે. જેમાં નોકરી કરતા વ્યક્તિઓ પટેલ અશોકભાઈ ચીમનભાઈ, મહિડા અમરદિપ બાવાજી, તળપદા મનુભાઈ રાવજીભાઈ, તળપદા ભીખાભાઈ લાલજીભાઈ, તળપદા માયાભાઈ રામાભાઈ, ઠાકોર પરસોત્તમભાઈ કાભઈભાઈ, ઠાકોર મનુભાઈ મોહનભાઈ, ઠાકોર રણછોડભાઈ ગાડાભાઈ, ઠાકોર ઘનશ્યામભાઈ ખોડાભાઈ, પાટણવાડીયા મુકેશભાઈ ઈશ્વરભાઈનો સમાવેશ થાય છે.

## સંઘર્ષને સફળતામાં પલટાવી કણીયા ગામના વતની મુકેશભાઈ પાટણવાડીયાએ સરકારી વકીલ બનવાનું સ્વપ્ન સાકાર કર્યું




કણીયા ગામના મૂળ વતની મુકેશભાઈ ઈશ્વરભાઈ પાટણવાડીયાએ પોતાની મહેનત, લગન અને સતત સંઘર્ષના બળે કણીયા ગામના પ્રથમ અને એકમાત્ર ક્લાસ-ટુ કક્ષાના અધિકારી સમકક્ષ સરકારી વકીલ બનવાની સિદ્ધિ હાંસલ કરી છે. મુકેશભાઈ પાટણવાડીયાની વાપી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સરકારી વકીલ તરીકે થયેલી નિમણૂકથી કણીયા ગામનું નામ ગૌરવવંતુ બન્યું છે. સામાન્ય પારિવારિક પરિસ્થિતિમાં ઉછરેલા મુકેશભાઈએ કારકિર્દી ઘડવા માટે અનેક પડકારોનો સામનો કર્યો હતો. આર્થિક અને સામાજિક સંજોગો વચ્ચે પણ તેમણે શિક્ષણને પ્રાથમિકતા આપી સતત મહેનત કરી હતી. તેમની આ સિદ્ધિમાં પરિવારનો સહયોગ અને શિક્ષણ પ્રત્યેની ધગશ મહત્ત્વપૂર્ણ રહ્યાં છે. વિશેષ વાત એ છે કે તેમનાં પત્ની આશાબેન પાટણવાડીયા પણ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલાં છે અને ભારત સરકાર દ્વારા નોટરી તરીકે અધિકૃતતા પ્રાપ્ત કરી હાલ સુરત ખાતે કાર્યરત છે.

# ૧૨૦ વર્ષથી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરતી કણીયા પ્રાથમિક શાળાએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે

મહાદેવ મંદિરના ચાર ધોરણથી શરૂ થયેલી શાળામાં આજે ધોરણ 1થી 8 સુધી અભ્યાસની સુવિધા; રમતગમતમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ સિદ્ધિઓ મેળવી શાળાએ ઊભી કરી આગવી ઓળખ કણીયા ગામની પ્રાથમિક શાળા ૧૨૦ વર્ષથી શિક્ષણની અવિરત જ્યોત પ્રજ્વલિત કરીને ગ્રામ્ય શિક્ષણના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તા. ૧૮ ઓગસ્ટ, ૧૯૦૬ના રોજ સ્થાપિત થયેલી આ શાળાની સફર મહાદેવ મંદિરના નાનકડા વર્ગખંડથી શરૂ થઈ હતી, જે આજે આધુનિક ભૌતિક સુવિધાઓ, તાલીમબદ્ધ શિક્ષકો અને રમતગમતની સિદ્ધિઓ સાથે પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

શાળાના પ્રારંભિક સમયમાં મહાદેવ મંદિરમાં ધોરણ ૧થી ૪ સુધીના બાળકોને શિક્ષણ આપવામાં આવતું હતું. ત્યારબાદ ગામના દાતાઓના સહયોગથી શાળાના વિકાસની નવી શરૂઆત થઈ હતી. સને ૧૯૫૯માં પટેલ શનાભાઈ જીભાઈભાઈ અને તેમનાં ધર્મપત્ની ઝવેરબાએ શાળાના મકાનના નિર્માણ માટે ૧૪ ગુંઠા જમીન ભેટ આપી હતી. આ ઉપરાંત પટેલ ડાહ્યાભાઈ ઈશ્વરભાઈ બિન બેચરભાઈ અને પટેલ ખુશાલભાઈ બેચરભાઈએ ત્રણ ઓરડાંના બાંધકામ માટે સખાવત કરી હતી. આ દાતાઓના ઉદાર યોગદાનથી શાળાના ભૌતિક વિકાસનો પાયો મજબૂત બન્યો હતો. સમયાંતરે શાળાનો શૈક્ષણિક વિસ્તાર વધતાં ધોરણ ૧થી ૮ સુધીના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ બની છે. શાળામાં રમતગમત, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની પ્રતિભાને ઉજાગર કરવામાં આવે છે. ખાસ કરીને તાલુકા અને જિલ્લા કક્ષાના રમતોત્સવોમાં વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શાળાની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે.

શાળામાં રમતનું વિશાળ મેદાન, વૃક્ષોથી આચ્છાદિત હરિયાળું વાતાવરણ, સુંદર પ્રવેશદ્વાર અને પાકી કમ્પાઉન્ડ વોલ જેવી સુવિધાઓ છે. કુમાર અને કન્યાઓ માટે અલગ શૌચાલય, તમામ વર્ગખંડોમાં વીજળી અને પંખાની વ્યવસ્થા તેમજ કોમ્પ્યુટર લેબ પણ ઉપલબ્ધ છે.

પ્રાથમિક શાળાના આચાર્ય રોહિતભાઈ પરમાર અને શિક્ષકોની નિષ્ઠા અને દાતાઓના યોગદાનના ત્રિવેણી સંગમથી કણીયા પ્રાથમિક શાળા ગ્રામ્ય શિક્ષણની પ્રેરણાદાયી સફરનું ઉદાહરણ બની રહી છે. મહાદેવ મંદિરથી શરૂ થયેલી આ શૈક્ષણિક યાત્રા આજે આધુનિક શિક્ષણ અને સર્વાંગી વિકાસના નવા આયામો સર કરી રહી છે.

**શાળામાં રમતનું વિશાળ મેદાન, વૃક્ષોથી આચ્છાદિત હરિયાળું વાતાવરણ, સુંદર પ્રવેશદ્વાર અને પાકી કમ્પાઉન્ડ વોલ જેવી સુવિધાઓ છે**






(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)